Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું ] [ અંક ૧૨ મો

આસો

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી ઑક્ટોબર

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦

પુસ્તક ૬૬ મું
અંક ૧૨ મો.
આસો
વીર સં. ૨૪૭૬
વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका



| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અજિતજિન સ્તવન ... ... | (મુનિશ્રી રુચકવિજયજી) | ૨૭૩ |
| ૨ | मनसे अपने मान तुं । ... ... | (શ્રી રાજમલ ભંડારી) | ૨૭૪ |
| ૩ | नमस्कार महामँत्र ... ... ... | ( ,, ) | ૨૭૪ |
| ૪ | ધન્ય ગિરિરાજ ... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૭૫ |
| ૫ | સ્વતંત્ર ભારતમાં જૈનધર્મને સ્થાન | (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) | ૨૭૬ |
| ૬ | આપણા પર્વોનું રહસ્ય ... ... | (મુનિશ્રી ન્યાયવિજયજી ત્રિપુટી) | ૨૭૯ |
| ૭ | નિયતિવાદ ... ... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૮૨ |
| ૮ | સાહિત્યવાડીનાં કુસુમો ... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૮૫ |
| ૯ | ઉપકાર દર્શન ... ... ... | (મુનિશ્રી જિતેન્દ્રવિજયજી) | ૨૮૮ |
| ૧૦ | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ... | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) | ૨૮૯ |
| ૧૧ | વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... | | ૨૯૩ |



"પ્રકાશ" સહાયક ફંડ

ગયા અંકમાં જણાવી ગયા બાદ નીચેની રકમ સહાય તરીકે મળી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૧૬૦) અગાઉના
૨૫) શ્રી રતિલાલ નગીનદાસ મુંબઇ
૧૦) શ્રી પોપટલાલ હકમચંદ મુંબઇ
૧૦) શ્રી મોહનલાલ ચત્રભુજ ટાંગા (આફ્રિકા)
૨૦૫)

શારદાપૂજનવિધિ

"જૈન" વિધિ પ્રમાણે વહીપૂજન કરવું તેજ યોગ્ય છે. આ વિધિમાં પ્રાચીન સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. **શ્રી ગૌતમસ્વામીના** છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે, તો દીપોત્સવી જેવા શુભ દિવસે આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભદાયી છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ટાઇપમાં છાપવામાં આવી છે. પ્રચાર કરવા લાયક આ પુસ્તિકાની કિંમત **એક આનો** : સો નકલના રૂ. **સાડા પાંચ**. લખો : **શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૬ મું. અંક ૧૨ મો. : આસો : વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

# શ્રી અજિત જિન સ્તવન.

(સુવિધિજિન આજ મુજ સાંભરે—એ દેશી.)

અજિત જિન ! બિમ્બ તુજ નિરખતાં, નિરખીએ આતમ રૂપ રે;
આતમ તત્ત્વ અવલોકતા, તેહને બિમ્બ નિજરૂપ રે. ૧

અનુપ રૂપ આતમા માહરે, જ્ઞાન દર્શન ચરણરૂપ રે;
દેહના રૂપ નહિ તેહને, કર્મમૂલક તનરૂપ રે. ૨

મનથકી મોહ અળગો કરે, હૃદિ ઢળે નયનના નૂર રે;
નિજ જવાહીરભર્યો આતમા, દેખીએ જ્ઞાનભરપૂર રે. ૩

આતમા જોયવો જાણવો, રમણતા તત્ત્વરૂપે જ રે;
તેહથી મુક્તિ સુખ અનુભવે, અંશતઃ આજ પણ સહેજ રે. ૪

મોક્ષ સંસાર એ આતમા, હેતુ જો ઓળખે ચિત્ત રે;
હેતુ સંસાર જગ પરઠવે, રૂચક જસ મોક્ષનું ચિત્ત રે. ૫

—મુનિશ્રી રુચકવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मन से अपने मान तुं।

जब देह भी तेरी नहीं, फिर मानता अपनी क्यों ? तुं।
मलमूत्र के उन द्वार में, आसक्त होता है क्यों ? तुं ॥ १ ॥

देह से सम्बन्ध जीनका, वह सम्बन्ध नश्वर जान तुं।
अय अविनाशी आतमा! कर निज की भी पहिचान तुं ॥ २ ॥

आया कहां से कौन है ?, फिर जायगा कहां पे तुं।
इसका कर विचार पहिले, फिर और करना कार्य तुं ॥ ३ ॥

है निधि तेरी वो क्या ?, और मानता क्या ? अपनी तुं।
इसको समझ ले सबसे पहिले, प्रयत्न फिर कर अपना तुं ॥ ४ ॥

मानता है अपने मनसे, धन व दोलत अपनी तुं।
अनुभव कर नित्य देखले, यह कीसके है और कीसका तुं ॥ ५ ॥

ज्ञान, दर्शन, चारित्र, रत्न यह निधि, करना इस पर श्रद्धा तुं।
इनको ही अपनी मान कर, इनका ही करना विकास तुं ॥ ६ ॥

शाश्वत निधि बस है यह तेरी, और है अविनाशी तुं।
और तेरा है न कुछ, यह मनसे अपने मान तुं ॥ ७ ॥

राजमल भंडारी-आगर ( मालवा )

**
*

## नमस्कार—महामंत्र

नमस्कार मम नित्य हो, अरिहन्त भगवानों को।
नमस्कार मम नित्य हो, प्रभु सिद्धभगवानों को ॥
नमस्कार मम नित्य हो, आचार्य भगवन्तों को।
नमस्कार मम नित्य हो, उपाध्याय महन्तों को ॥
नमस्कार मम नित्य हो, लोकमें सर्व सुसन्तों को।
इन पांचों नमस्कारों से, सब पापोंका क्षय हो ॥
मांगलिक सब कार्यों में, मेरा प्रथम मंगल हो ॥ ॐ ॥

राजमल भण्डारी-आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન્ય ગિરિરાજ !

( દુહા )—પર્વતરાજ ! તને નમું, પ્રણમું તારા પાય;
ધન્ય શ્રેષ્ઠ જગમાંહે તૂં, સહુ તાહરા ગુણ ગાય. ૧
તાહરા શિખર સુશોભતા, ગગનાંગણની માય;
ભવ્ય જેહને નિરખતા, સહુ મનના દુઃખ જાય. ૨
શક્ર ધરે નિજ અંકમાં, જિનપતિ સુંદર બાળ;
મંજન સ્નાન કરાવતા, નાસે ભવજંજાળ. ૩
પ્રભુનું અંગ પખાળતા, સ્નાન તને પણ થાય;
નમણ ઉદક જિનરાજનું, તુજ તનુમલ સહુ જાય. ૪
સ્નાન અનાયાસે તને, તીર્થોદકનું હોય;
ધોવાયે મલ તાહરા, નિર્મળ તુજ તનુ જોય. ૫
અંગૂઠો પદપદ્મનો, વીર પ્રભુનો જેહ;
સ્પર્શ કરે હરિ[1] ચિત્તનો, સંશય હરવા તેહ. ૬
કારણ તાહરા હર્ષનું, નાચ્યો ધરી આનંદ;
ધન્ય ખરો કૃતપુણ્ય તૂં, તૂં મુજ નયનાનંદ. ૭
જલમાં નાવ ભલી તરે, જલતરણી કહેવાય;
તૂં તો જલના સ્નાનથી, તરતો દીસે જોય. ૮
ભુવન અનેક જિનેન્દ્રના, તવ શિખરે શોભાય;
જેહના દર્શનથી સહુ, ભવિજનના દુઃખ જાય. ૯
તાહરા આશ્રયમાં રહી, તપ તપતા મુનિરાજ;
આત્મસમર્પણથી જુઓ, બાળે કર્મ સમાજ. ૧૦
તાહરી ઉદર ગુફા વિષે, વસે કેઈ વનરાજ;
તોડે મદ ગજરાજના, નિષ્કંટક જસ રાજ. ૧૧
કેઇ વનસ્પતિ ઔષધી, રોગ નિવારક જેહ;
ધારે તૂં નિજ દેહમાં, ઉપકારી બહુ હોય. ૧૨
અમૃત જલ ઝરણા ઘણા, તુજથી પ્રગટે જેહ;
સરિતારૂપે[2] વહનથી, ઉપકારી છે તેહ. ૧૩
માનવ પશુ બહુ ધાન્યને, પોષે જીવનદાન;[3];
આપે એહ તારી કૃપા, ઘટે તને સહુ માન. ૧૪
ઉપકારી તૂં બહુ પરે, શબ્દ ન ઉચરે એક;
બાલેન્દુ તુજ ચરણમાં, અર્પે નમન અનેક. ૧૫

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

૧ ઇંદ્ર. ૨ નદી. ૩ પાણી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વતંત્ર ભારતમાં જૈન ધર્મને સ્થાન

લેખકઃ—શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

ભારત દેશ સ્વતંત્ર થયો છે. સ્વતંત્ર થયો છે એટલે રાજકીય ક્ષેત્રમાં આપણી ઇચ્છા પ્રમાણે રાજ્ય ચલાવવાને આપણે હક્કદાર થયા છીએ. સ્વતંત્રતા દેશનો પ્રાણ છે. છેલ્લા આઠસો વર્ષથી-બારમા સૈકામાં-મુસલમાનોનું રાજ્ય થયું ત્યારથી ભારત પરતંત્ર દેશ હતો. ત્યાર પહેલા લાંબા કાળથી લગભગ ચાર હજાર વર્ષના ઐતિહાસિક ગાળામાં ભારત એક સ્વતંત્ર દેશ હતો. રાજા અશોકનો સમય જાણીતો છે. અશોક એક પ્રખ્યાત સમ્રાટ્ હતો. આખા ભારત દેશ ઉપર તેનું શાસન ચાલતું હતું. જૈનધર્મના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વતંત્ર ભારતમાં જન્મ્યા હતા, સ્વતંત્રતાના વાતાવરણમાં ઉછર્યા હતા. તે કાળ સમ્રાટ્ અશોક પહેલાનો ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકાનો હતો. ભગવાન મહાવીર અને શ્રી ગૌતમ બુદ્ધ સમકાલીન હતા. જૈન આગમોમાં અને બૌદ્ધ પીટિકાઓમાં ભગવાનના સમયનો ભારત દેશનો ગૌરવવંતો ઇતિહાસ નજરે પડે છે. મગધદેશમાં લોકશાહી ડેમોક્રેટીક ગણરાજ્યની વ્યવસ્થા હતી. લિચ્છવી વજ્જયી નામથી પ્રખ્યાત રાજ્યકર્ત્રી જાતિઓ હતી, તેમાં અગ્રગણ્ય શહેરીઓની સભા ભરાતી અને લાયક માણસોની રાજ્યતંત્ર માટે ચૂંટણી કરવામાં આવતી. ભગવાનના પિતા સિદ્ધાર્થ પણ એક ગણરાજ હતા. તે વખતમાં શ્રેણિક જેવા સમ્રાટ્ પણ હતા એટલે ભારતમાં તે વખતે એક સરખું રાજ્યતંત્ર ન હતું. ધીમે ધીમે લોકશાહીમાંથી મહારાજશાહીમાં રાજ્યતંત્ર પલટો લેતું હતું. રાજાશાહીમાં પણ પ્રજાનો અવાજ હતો. પ્રજાનું સુખ, પ્રજાનો સંતોષ એ રાજ્યકારભારના મુખ્ય સૂત્રો હતા, અને રાજા સારી રીતે રાજ્ય ચલાવવામાંથી ચળિત થાય તો તેને ઉઠાડી મૂકવાનો અધિકાર પણ પ્રજાના હાથમાં હતો. આવા સ્વતંત્ર રાજકીય વાતાવરણમાં જૈન-ધર્મનો ઉદય અને વિકાસ થયો હતો.

આ સમયમાં રાજકીય સ્વતંત્રતા હતી એટલું જ નહિ પણ આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્વતંત્રતા હતી. લોકો છૂટથી વેપાર ચલાવતા હતા. દેશ-પરદેશ સાથે ભારતનો વ્યાપાર હતો. વ્યાપાર ઉપર પોતાના કે બીજા રાજ્યના અંકુશો ન હતા. દેશમાં અઢળક સંપત્તિ હતી, જે સમૃદ્ધિના દષ્ટાંતો શાસ્ત્રોમાં મળી આવે છે. ઇતિહાસ વાંચતા અમને લાગે છે કે-જેવી સમૃદ્ધિ અત્યારે અમેરિકા દેશમાં છે તેવી સમૃદ્ધિ તે વખતે ભારતમાં હતી. ધન ધાન્યની વિપુલતા હતી. અમેરિકાની હાલની સમૃદ્ધિ અને ભારતની તે વખતની સમૃદ્ધિમાં તફાવત એટલો હતો કે ભારતની સમૃદ્ધિના પાયામાં આર્યસંસ્કૃતિ અને આર્ય-ધર્મભાવના હતી. જ્યારે અમેરિકાની સમૃદ્ધિમાં ધર્મભાવના નથી, અધ્યાત્મતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પણ એકાંત પ્રકૃતિભાવના-materialism અને શુષ્ક બુદ્ધિમત્તા Intellectualism છે. તેના પરિણામો કોરીયા જેવી લડાઇમાં આપણને દૃષ્ટિગોચર થાય છે. લાખો માણસોનો સંહાર થતો આપણે સાંભળીએ છીએ અને તે પણ જગતમાં શાંતિ સ્થાપવાને નામે. જગત્ભરના રાજકીય પ્રતિનિધિઓ એકઠા મળે છે, જગતમાં શાંતિ સ્થાપવાની વાતો કરે છે પણ ગરીબ નિરાધાર કોરીયનોના ઘેરાં છાપરાંઓ ઉપર બોંબવર્ષા અટકાવવા એક શબ્દ કોઇ ઉચ્ચારતા જોવામાં આવતા નથી.

શ્રી મહાવીર પ્રભુના સમયમાં સામાજિક સ્વતંત્રતા પણ ઓછી ન હતી. ઉચ્ચ નીચના ભેદો ઓછા થતા હતા. શ્રી મહાવીરનો ઉપદેશ તો એવો હતો કે-ઉચ્ચ નીચનો ભેદ જન્મના કારણથી-જાતિના કારણથી ન હોવો જોઇએ, પણ પોતાના કર્મના કારણથી છે. સ્ત્રીઓ અને નીચ કહેવાતા ચંડાલ જેવી જાતિમાં જન્મેલ માટે પણ ધર્મના માર્ગો ખૂલ્લા કર્યા હતા. તેઓને સંયમના અને મોક્ષના અધિકારી ઠરાવ્યા હતા. ધાર્મિક ક્ષેત્રમાં પણ ઘણી સ્વતંત્રતા હતી. જૂદા જૂદા ધર્મને માનનારા પણ એક જ કુટુંબમાં ભેગા રહેતા જોવામાં આવતાં. ધર્મને નામે માણસોમાં લડાઇઓ થતી ન હતી. એક બીજા સાથે બેસી ધર્મની ચર્ચા કરતા હતા. ટૂંકામાં જૈનધર્મ સ્વતંત્ર દેશમાં, સ્વતંત્ર કાળમાં અને સ્વતંત્ર માનવીઓના સ્વતંત્ર માનસવ્યાપારમાં ઉદ્ભવ પામ્યો છે. આવા ધર્મમાં સ્વતંત્રતાના પોષક દરેક તત્ત્વો છે. જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો વિચાર કરવામાં આવે, તેને માનવીના જીવનમાં ઉતારવાનો પ્રચાર કરવામાં આવે તો જૈનધર્મને સ્વતંત્ર ભારતમાં સંપૂર્ણ સ્થાન છે.

સવાલ એ ઊભો થાય છે કે ધર્મમાં કે ધર્મને નામે ચાલતા હાલના જૈન સંપ્રદાયમાં કયા અવરોધક તત્ત્વો છે કે જેથી જૈનધર્મના તત્ત્વોનો ફેલાવો થતો નથી. આખા ભારતદેશમાં જૈનોની નામની વસતી રહી છે. કરોડોની સંખ્યામાં જૈનો હતા એવું આપણા જૂના પુસ્તકો ઉપરથી જોવામાં આવે છે, તો કયા કારણોથી સંખ્યાનો હ્રાસ થતો જાય છે. અને એ કારણો જો હસ્તિમાં રહેશે તો સ્વતંત્ર ભારતમાં જૈન ધર્મનું કાંઇ સ્થાન રહેશે કે કેમ? બારમા તેરમા સૈકાથી ભારત ઉપર મુસલમાનોનું આક્રમણ જોરદાર થયું, અને છેવટે મુસલમાનોનું રાજ્ય થયું. મુસલમાનોનો ધર્મ અસહિષ્ણુતાવાદી છે, ઇસ્લામધર્મમાં ઝનૂન છે. તે ધર્મ બીજા ધર્મનો સ્વીકાર કરી શકતો નથી કે તેની સાથે સમન્વય કરી શકતો નથી. મુસલમાની રાજ્યોમાં ભારતની સંસ્કૃતિ અને ધર્મના નાશનો ભય ઉત્પન્ન થયો, એટલે ભારતના જૂના ધર્મોએ પોતાનો ધર્મ સાચવવા કીલ્લેબંધી કરી, ધર્મના રક્ષણ માટે રૂઢિચુસ્તતાને પોષવામાં આવી. ધર્મમાં જે જીવંત ભાવના હતી, ધર્મમાં જે પ્રતિદિન વૃદ્ધિ થવાનો સ્વભાવ ( dynamic spirit ) હતો તેનો હ્રાસ થવા માંડ્યો અને તે ભાવનાને સ્થાને અંધશ્રદ્ધા ગતાનુગતિકતાનો પ્રવેશ થયો, અલગતાવાદ ઊભો થયો. પરધર્મવાળા સાથે સંપર્ક કરવો, વિચારોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપલે કરવી, તેઓના સહવાસમાં આવવું આદિ આર્યસંસ્કૃતિની ભાવનાને તિલાંજલી મળી અને તેવા ધાર્મિક સંપર્કને શાસ્ત્રમાં સમ્યગ્ભાવનાના એક ભૂષણને બદલે દૂષણ ગણવામાં આવ્યું. મુસલમાની પરતંત્ર કાળમાં અજ્ઞાનતા વધી, નિરક્ષરતા વધી, જૈન સાહિત્ય સાથેનો સીધો સંબંધ તુટ્યો અને ધર્મના ઉપદેશકો આપે તેટલું જ જ્ઞાન સામાન્ય માણસોને–શ્રાવકોને મળવા માંડયું. ધર્મના ઉપદેશકો પણ સાચી ધર્મભાવનાને ભયમાં જોઇ, ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સમજાવવાને બદલે–સાચા જ્ઞાનની પુષ્ટિ મળે તેવો ઉપદેશ આપવાને બદલે ધર્મના બાહ્ય સ્વરૂપ–ક્રિયાકાંડ ઉપર ભાર મૂકવા મંડ્યા. પરિણામે ધર્મમાં એક અંધશ્રદ્ધાળુ માનસ ઊભું થયું. આ અંધશ્રદ્ધાળુ મનની ગુલામી દશાનું પરિણામ એ આવ્યું કે–કોઇ ઉપદેશક કાંઇ ચમત્કાર બતાવે, કાંઈ તપ કે ક્રિયાની વિશિષ્ટતા બતાવે એટલે તરતજ વગર વિચાર્યે શ્રાવકો તે તરફ ઢળવા માંડ્યા. આવી મનની ગુલામી દશામાં જ તેરાપંથ જેવા પંથોને ફળદ્રુપ ક્ષેત્ર મળ્યું છે, અને તેમાં આવા પંથોનો વિકાસ થયો છે. મહાવીર પ્રભુના સ્યાદ્વાદ-સમન્વયવાદ–શાસનમાં જે અનેક પંથો ગચ્છો સંઘેડાઓ ઊભા થયા છે, અને ઊભા થતા જાય છે તેનું મૂળ ધર્મના અનુયાયીઓની અંધશ્રદ્ધાળુ ગુલામી માનસ દશામાં રહ્યું છે. જો જૈનધર્મને વિશ્વવ્યાપી કરવાની ભાવના હોય, જો જૈનધર્મને સ્વતંત્ર ભારતમાં એક જીવંત, જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શતો અને પલ્લવિત કરતો કરવો હોય, નિત્ય નિત્ય વૃદ્ધિ પામતો વર્ધમાન (શ્રી વર્ધમાન-સ્વામીનો) ધર્મ કરવો હોય, ભારતની સ્વતંત્રતાનો પોષક બનાવવાનો હોય તો આવા પ્રકારનો–ગુલામી માનસને પોષે તેવો ઉપદેશ ઓછો કરી તેને સ્થાને બુદ્ધિને સ્પર્શે, મનુષ્યના અંતરમાં રહેલ પરમાત્મપદને પામવાની ભાવનાને ઉત્તેજિત કરે, જૂદા જૂદા પંથો અને સંપ્રદાયોના જૂદા જૂદા ક્રિયાકાંડોમાંજ સંઘર્ષણના કારણો રહેલા છે, માટે તેવા ક્રિયાકાંડોને ગૌણ કરી તેને સ્થાને જ્ઞાન માટે લોકોમાં અભિરુચિ વધે તેવા ઉપદેશો આપવામાં આવે, તેવું સાહિત્ય ફેલાવવામાં આવે, તેવા સાહિત્યનું નવું સર્જન કરવામાં આવે, તેવા ઉપદેશકો ઊભા કરવામાં આવે તો મહાવીર પ્રભુએ સ્વતંત્ર દેશમાં સ્વતંત્ર કાળમાં સ્વતંત્ર માનસવાળા માનવીઓને બતાવેલ ધર્મ અવશ્ય સ્વતંત્ર ભારતમાં સ્થાન પામે, સ્વતંત્ર ભારતના માનવીઓને દિગ્દર્શક બને, તેઓના જીવનને ઉન્નત કરે અને ભારતવાસીઓને સેંકડો વર્ષોથી જે આર્યસંસ્કૃતિ અને ધર્મભાવના વારસામાં મળી છે, જે વારસો ભારતવાસીઓનો અમૂલ્ય ખજાનો છે, જે અધ્યાત્મ ભાવનાને જગત્માં બતાવવાનો ભારતવાસીઓને જ અધિકાર છે જે અધિકાર ભોગવવાની ભારત સ્વતંત્ર થતાં આપણને તક મળી છે. જો આ તકનો લાભ નહિ લેવામાં આવે, જૈનધર્મ પણ સંકુચિતતા અને અલગતાવાદને માર્ગે ચાલશે, તો સ્વતંત્ર ભારતમાં જૈનધર્મને કયાં સ્થાન રહેશે તે સુજ્ઞ વાંચકોએ વિચારી લેવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણા પર્વોનું રહસ્ય

( લેખક—મુનિરાજશ્રી ન્યાયવિજયજી-( ત્રિપુટી )

**આ**પણાં પર્વો આપણા જીવનમાં એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. ગરીબ હોય કે તવંગર હોય કિન્તુ આપણાં પર્વોનો સાચો આનંદ લૂંટી શકે છે. પર્વોનો સાચો અર્થ જ એ છે કે-જે આપણા આત્માને પવિત્ર કરે. અન્યદર્શનીયોનાં પર્વોમાં અને આપણાં પર્વોમાં મોટામાં મોટો ફરક એ છે કે-આપણે ત્યાં ગરીબમાં ગરીબ માણુસ પણ પર્વનું આરાધન કરી, ઉપવાસ-પૌષધ-પૂજા-સામાયિક-શિયલ-આરંભસમારંભનો ત્યાગ-મમત્વત્યાગ-વિવિધ અભિગ્રહ ધારણ કરી આત્માનંદ લૂંટી શકે છે. હવે અન્યદર્શનીયોનાં પર્વોમાં સાધન-સંપન્ન વ્યક્તિ-શક્તિસંપન્ન વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે આનંદ લઈ શકે છે, મનગમતા સંકલ્પ કરી વિવિધ પ્રકારના રસો-રસાસ્વાદો મેળવી શકે છે, જ્યારે ગરીબ માણુસોને એમનાં એ પર્વો દુ:ખદાયક-કષ્ટપ્રદ પણ બની જાય છે.

જૈન ધર્મનાં દરેક પર્વોનો મુખ્ય ઉદ્દેશ ત્યાગ-વૈરાગ્યપ્રધાન છે, અને એ દ્વારા શ્રમણ સંસ્કૃતિનું શુદ્ધ પોષણ કરી વધુમાં વધુ આત્મશુદ્ધિ કરી આપણી અંદર બેઠેલા આત્મારામ-રાજહંસને પરમાત્મારૂપે ઓળખી નિજાનંદ અનુભવીએ.

આપણે આ વસ્તુ જરા વધુ ઊંડાણુથી તપાસીયે. આપણી પર્વતિથિયો જ લ્યો. એમાં બાર તિથિયો લ્યો કે પાંચ તિથિયો લ્યો. પ્રતિક્રમણ-પૌષધ-વ્રત-ઉપવાસ-આયંબિલ-નિવિ-એકાસણું-સામાયિક-દેસાવગાસિક-અભિગ્રહ કે ધારણા-શિયળપાલન-બ્રહ્મચર્યપાલન-લીલોતરીનો ત્યાગ-આરંભસમારંભનો ત્યાગ-વધુમાં વધુ અમારીપાલન જેમનાથી જે બનશે તે પાળશે, રુચિ પ્રમાણે ત્યાગ કરશે. પરન્તુ ઓછામાં ઓછી પાંચ તિથી તો અવશ્ય બ્રહ્મચર્યનું પાલન-લીલોતરીનો ત્યાગ-આરંભસમારંભનો ત્યાગ-પ્રતિક્રમણ-સામાયિક-જિન-દેવનાં દર્શન-પૂજન-વ્યાખ્યાનશ્રવણ-કષાયત્યાગનો ઉદ્યમ-દેશાવગાસિક કે પૌષધ આદિ કરશે જ. દાન-શિયલ-તપ અને ભાવનાદ્વારા આત્મશુદ્ધિ કરી બીજા જીવોને પણ આનંદ-હર્ષ અને શાંતિનું નિમિત્ત બનશે જ બનશે.

જૈન ધર્મ તો પોતાનાં પર્વોની આરાધના કરાવવાદ્વારા આખા જગત્ના જીવોને આનંદ અને શાંતિ આપવાનું સૂચવે છે. આખા જગતના જીવોનું વિશ્વવાત્સલ્ય કરવાનું કહે છે. વિશ્વબંધુત્વનો આદર્શ રજૂ કરે છે. ધનવાનોનું ધન છોડવાનું કહે છે. આ ધન-લક્ષ્મી ચપલ છે-ચંચળ છે માટે **दीयतां दीयतां दीयतां** કહે છે. આપેલું ધન-સત્પાત્રમાં આપેલું ધન તમારું છે. તમે એને વાપરો છો એમ નહિં, તમારા માટે વાવો છો. રોજ વાવો-રોજ આપો, અપાય એટલું આપો, અરે! આપ્યે જ રાખો. ગરીબોને-દુ:ખીયોને-સાધનહીનોને તમારી લક્ષ્મી આપો, એમની ગરીબાઇ-દીનતા-દુ:ખ દૂર કરો.

એવી જ રીતે શિયલપાલન-બ્રહ્મચર્યનું ઉત્તમ રીતે પાલન કરી-પર્વતિથીયોએ અવશ્ય શિયલ પાળી, શુદ્ધ રીતે સદાચારી બનવું જોઇએ. આ શિયલમાં સદાચારીતાને લગારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસારવી ન જોઇએ. શિયળપાલનનો ઉદાર આશય સમજી, એનો મર્મ જીવનમાં ઉતારવાની જરૂર છે. યાદ રાખજો જીવનનું પરમધન શિયલ છે. જીવનનું પરમ ઉત્તમોત્તમ આભૂષણ શિયલ જ છે. " **शीलं परं भूषणम्** " શિયલ પાલન કરનાર મહાનુભાવ પરમ સત્યવાદી, પ્રિયંવદ, ઉદાર, નમ્ર-સરલ અને વિવેકાદિ ગુણોથી અલંકૃત થાય છે. એ મહાન સદાચારી પુરુષ સંત બને છે, આત્માને પરમાત્મારૂપે ઓળખતાં શીખે છે.

સદાચારી માનવી બીજાનાં દુઃખો દૂર કરે-એને આનંદ આપવા તત્પર થાય. પર્વતિથિએ શાંતિથી નિવૃત્તિ ભોગવતો બીજાને શાંતિ અને નિવૃત્તિ લેવા દે. પોતાના હાથ નીચેના માણસો-નોકરો-કુટુમ્બીયો-સગાં અને વ્હાલાંને શાંતિ આપે-આનંદ આપે-સાચી નિવૃત્તિ આપે. ન તો કોઇના ઉપર ક્રોધ કરે-ન દ્વેષ કરે-ન કલહ કરે-ન પારકી નિંદા કરે કે ન તો બીજાને પીડા થાય તેવું આચરણ કરે; આનું નામ છે સદાચારિતા. શિયળપાલન આપણને સદાચારના સન્માર્ગે પ્રેરે છે.

આવી જ રીતે તપ-આપણને ઇંદ્રિયજય કરવા પ્રેરે છે. મનઃસંયમની સાધના કરવા તપ એ ઉત્તમ સીડી છે. ક્ષમાપૂર્વકનું તપ-જ્ઞાન અને વિવેકપૂર્વકનું તપ કઠિન કર્મોના ક્ષયનું પરમ સાધન છે. સુવર્ણ તપે છે ને ઉજ્વલ બને છે, **આત્મા તપથી તપે છે અને નિર્મલ બને** છે. તપસ્વીનો આત્મા નિર્બલ નહિં, સબલ બને છે. તપસ્વી જનો તો દૃઢ સંકલ્પની સાધના કરનારો હોય છે. ક્ષમા અને વિવેકપૂર્વકના તપને સંકલ્પસિદ્ધિનું પરમ સાધન માન્યું છે. તપસ્વી જન સાદાઇ-સદાચાર-સરલતા-શાંતિ અને સમતાથી શોભે છે. આપણાં પર્વો-પર્વતિથિયો આપણને સંબોધે છે. ઊઠો-જાગો-પ્રમાદ છોડો. હે બાઉરા ! તારું જીવનધન લુંટાઇ જાય તે પહેલાં જાગ્રત થા, જાગ્રત થા. **प्रमादमवधूय उत्तिष्ठ उत्तिष्ठ.**

પર્વના દિવસોમાં કુટુમ્બમેળો જામ્યો હોય, આરંભ-સમારંભની નિવૃત્તિ હોય. આત્મ-નિરીક્ષણદ્વારા પોતાની ત્રુટીયોનું ભાન કરી-કરાવી તપ-ત્યાગ-સંયમ અને સાધનાના માર્ગોનું આલંબન લેવાતું હોય ત્યાં નિજાનંદ પ્રાપ્ત થાય એમાં આશ્ચર્ય શું છે? તપ કરીને પ્રમાદનો ત્યાગ કરવો જ જોઇએ. મોજ-વિલાસ અને વૈભવનો ત્યાગ કરી, એશ અને આરામને તિલાંજલી આપી સદાનંદી બનવા તત્પર થવું જોઇએ. નાનાથી લઇને મોટા સુધીનાં દરેક જનો વિવિધ તપ-અભિગ્રહ-વ્રતપચ્ચખ્ખાણ કરે. પર્વોનું-પર્વતિથિયોનું આ સાચું આરાધન છે. વિવિધ રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણોનો ચમકારો ક્ષણિક છે-ચપલ અને ચંચલ છે, પરંતુ ઇચ્છાઓને જીતી, આશા-લીપ્સા કે તૃષ્ણાનો ત્યાગ કરી...

" રાય રંકમાં ભેદ ન જાણે, કનક ઉપલ સમ લેખે,
નારી નાગણ કો નહિં પરિચય, તો શિવમંદિર પેખે. " અવધુ૦

આવા બને. આવું જ શુદ્ધ ભાવનાનું રહસ્ય છે. પ્રતિક્રમણ-સામાયિક-પૂજા-સ્વાધ્યાય-પૌષધાદિ શુદ્ધ ભાવનાપૂર્વક કરે. દાન-શિયલ અને તપાદિની ઉપાસના-શુદ્ધ ભાવનાથી કરે. થોડું પણ શુદ્ધ અને સારું કરે. જેના રૂંવાડે રૂંવાડે શુદ્ધ ભાવનાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૃત ભર્યું હોય, ભાવના-શુદ્ધિની સાચી સફલતા એની અદીન વૃત્તિ-નિર્ભયતા-ક્ષમાશીલતા-સદાચારિતા અને સર્વ જગતના જીવો સાથે મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થતામાં રહી છે. આચરણ વિનાની કોરી ભાવનાઓ માત્ર વાગ્‌વિલાસિતા છે.

આપણી પર્વતિથીયોનો આ સંદેશ છે.

ત્યારે આપણાં પર્વો તો એથી વધુ ઉચ્ચ માર્ગે જવાનું સૂચવે છે પર્વતિથિયો કરતાંયે પર્વદિવસોમાં અને પર્વાધિરાજમાં તો ખૂબ જ નિવૃત્તિ હોય છે. ધર્મક્રિયાઓનું વિશેષ ને વિશેષ રીતે આરાધન કરવાનું હોય છે. આત્મનિરીક્ષણ કરી ત્રુટીયોને દૂર કરી, અપૂર્ણતાઓને પૂરી દઇ પૂર્ણ પુરુષોત્તમ થવા પ્રયત્ન કરવાની જરૂર છે.

પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ વર્ષભરનો જીવનનો ખોરાક પૂરો પાડે છે. આત્મનિરીક્ષણ કરો. આત્માનાં જમે ને ઉધાર પડખાં તપાસો. સમ્યક્‌ત્વપ્રાપ્તિ સમ્યક્‌ત્વશુદ્ધિ અને તેના ગુણોની વૃદ્ધિ કેટલી થઇ? આત્મિક ધન શું કમાયા? દ્વેષ-કષાય-ઇર્ષ્યા-કલહ-નિંદાનો કેટલો ત્યાગ કર્યો?

" स्वकृतं दुष्कृतं गर्हन् सुकृतम् चानुमोदयन् । "

કરેલાં અશુભ આચરણો-દુષ્કૃત્યોની નિંદા કરે અને શુભ કાર્યો-સુકૃત્યોના અનુમોદના કરી આત્મનિરીક્ષણ કરે. બીજા જીવોને વધુમાં વધુ સુખ આપવા પ્રયત્ન કરે. આજના કલહ યુગમાં પર્વારાધનની વધારેમાં વધારે સફલતા બીજા જીવોને સુખ-શાંતિ અને આનંદ આપવામાં છે. આજના કલહ યુગમાંય કોઈ શાંતિ આપી શકે તેમ હોય તો દરેક દરેક સાધનસંપન્ન શકિતસંપન્ન મુમુક્ષુઓ બીજા જીવોને સુખ અને શાંતિ આપવા પ્રયત્ન કરે તેમાં જ છે. સ્વાર્થસાધના, સ્વાર્થસુખનો ત્યાગ કરી, દુઃખો, કષ્ટો અને ઘોર વેદનાઓ સહીને પણ જગતના જીવોને શાંતિ-મૈત્રી-સુખ-આનંદ આપવા પ્રયત્ન કરવાની જરૂર છે.

આપણી શાશ્વતી ઓળીના દિવસો-આસો અને ચૈત્રી ઓળીના દિવસો આપણને સાત્વિક વૃત્તિવાળા બની સંયમી અને સદાચારી બનવાનો સંદેશ આપે છે. આયંબીલનું તપ કરી જીભને જીતતાં શીખો. તમારા જીવનની જરૂરીયાતો ઘટાડો. મોજવિલાસ-વૈભવને ત્યાગો. ભૂમિશયન-બ્રહ્મચર્યપાલન-સરલતા-સાદાઇ-કષાયજય અને ઇર્ષાને જીતી અલ્પ પરિગ્રહી-અલ્પારંભી કે અલ્પભોજી બનો. યાદ રાખજો જીભ જીતી તેણે સઘળું જીત્યું. લૂખું, સુકું, નીરસ ભોજન લઇ-સાદો વેષ અને સાદું જીવન જીવી, ખરા મુમુક્ષુ બનો. તમારા સાધનો-તમારી શકિત દુઃખીયોનાં દુઃખ દૂર કરવામાં વાપરો.

દીપોત્સવી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, કાર્તિકીપૂર્ણિમા કે ચૈત્રીપૂર્ણિમા, ફાલ્ગુન શુદિ તેરશ કે અખાત્રીજ વગેરે વગેરે દરેક પર્વો આપણને સૂચવે છે કે-અભયદાની બનો, ત્યાગી, તપસ્વી-સંયમી અને સદાચારી બનો.

ભગવાન શ્રી મહાવીરદેવનો આપણને મળેલો આ પર્વોનો વારસો આપણા આત્મગુણ-ધનની વૃદ્ધિ કરનારા છે, નિજાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરાવનારા છે. પર્વદિવસોમાં આત્મનિરીક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિયતિવાદ

( લેખકઃ–"સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ )

નિયતિ એટલે ભવિતવ્યતા અર્થાત્ જે બનવાનું હોય તે બને છે. અર્થાત્ એમાં આપણા પુરુષાર્થની જરૂર ન હોય. અમુક એક ઘટના બનવાની હોય તેમાં આપણે ગમે તેવો પુરુષાર્થ ફોરવીએ છતાં તેમાં ફેરફાર થઇ શકતો નથી. પુરુષનો પુરુષાર્થ કે પરાક્રમ બધો નિરુપયોગી છે. એટલે આપણે જે બને તે જોયા કરવું એવો જ એનો અર્થ થાય. નિષ્ક્રિય થઇ બેસી જ રહેવાનું હોય, પુરુષાર્થ કે પરાક્રમને કાંઇપણ અવકાશ જ નથી, એવી વિચારધારાનો અર્થ એ થાય કે–આપણે કર્તવ્ય કે આચરણા માટે કાંઇ પણ કરવાપણું નથી. એટલે કાંઇ પણ ધર્મક્રિયા કે બીજી ઉચિત ક્રિયા કરવાની જરૂર જ નથી. નવું ઉચિત કે અનુચિત કર્મ આપણા હાથે થાય જ નહી. અર્થાત્ ભવભ્રમણનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આપણી આગળ ભોજનનો થાળ કોઇ પીરસી મૂકે છતાં જે થવાનું નિશ્ચિત થએલું હશે તે જ થવાનું હોવાથી આપણે જમવાનું પણ પરાક્રમ કરવાની જરૂર નથી. એવું માનસ ધરાવનારે તો અનાયાસે જ મુક્તિ મેળવી લીધેલી હોય! કારણ નવું કર્મ એ કરે જ નહી. જૂના કર્મો બાકી રહ્યા જ હોય તો વગર પ્રયાસે આવી ભોગવાઇ જાય, ત્યારે મુક્તિ તો ઘરની જ થઇ ગઇ હોય. નિયતિ કે ભવિતવ્યતા એટલી જ માની બાકી બીજાં કારણો નહીં સમજવાથી અને તેનું અસ્તિત્વ જ અસ્વીકાર કરવાથી કેટલી અનુચિત પરિસ્થિતિ નિર્માણ થાય છે એ સ્પષ્ટ જણાઇ આવે છે.

કોઇ પણ વસ્તુ નિર્માણ થવા માટે કે વિચારધારા નિશ્ચિત થવા માટે કાલ, સ્વભાવ, ઉદ્યમ, કર્મ અને ભવિતવ્યતા અગર નિયતિ એ પાંચે કારણો મળવાની જરૂર હોય છે. એકેક કારણ ગમે તેટલું બલવાન હોય છતાં એ એકલું કાંઇ નિર્માણ કરી ન શકે. દરેક કારણ પોતાનો ભાવ ભજવે ત્યારે જ વસ્તુ નિર્માણ થવાની છે. કાળની અનુકૂલતા ભલે ગમે તેટલી હોય છતાં વસ્તુમાં સ્વભાવ જ ન હોય અગર ઉદ્યમ કરવાની તત્પરતા દાખવવામાં ન આવે તો વસ્તુની રચના થઇ જ ન શકે. એમ છતાં કર્મની અનુકૂલતા ન હોય તો અનેક વિઘ્નો ઉત્પન્ન થાય. આમ વસ્તુ નિર્મિતિમાં ચારે કારણો અનુકૂલ હોય ત્યારે

---

કરજો. સર્વ જીવો સાથે મૈત્રી–પ્રેમ વધારજો. ગુલાબની પુષ્પપાંખડી સમ મૃદુ અને સુકોમલ બની તમારા જીવનધનની સુગંધીની ફોરમથી બીજાઓને સુવાસિત કરજો માનવજન્મરૂપી હીરાનાં વિવિધ પાસાં તપાસી તેને શુદ્ધ જ્યોતિમય બનાવજો. સ્થિતપ્રજ્ઞ અને સ્વયંપ્રભ બની સદાચાર અને સત્સંગદ્વારા આત્મધનના ગુણોને શોભાવજો.

છેવટે આ આત્મા પરમાત્મા થવાનો છે. પરમાત્મદશાના પ્રચ્છન્ન ગુણો કઇ રીતે પ્રકટ થાય તે માટે પ્રયત્ન કરજો.

આ છે આપણાં પર્વોનું સાચું રહસ્ય. મુમુક્ષુઓ પર્વોનું સાચું મૂલ્યાંકન સમજે અને સમજાવે એ જ શુભેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિતવ્યતા કે નિયતિ પોતાનો ભાગ ભજવે છે. પાંચેમાંથી એક પણ કારણ પ્રતિકૂલ હોય તો વસ્તુસિદ્ધિ અશક્ય બની જાય છે. ત્યારે પાંચે કારણોની અનુકૂલતા છે કે કેમ એની વિચારણા કર્યા પછી જ આપણે વસ્તુસિદ્ધિ માટે રાહ જોઈ શકાય. આ વિચારણામાં જૈનશાસ્ત્રની ખરી ખૂબી સમાએલી છે. પ્રથમ વસ્તુની નિર્મિતિ અને સમજુતી પૂરેપૂરી કરી લીધા પછી જ આપણે કાંઇ પણ કાર્ય કરી શકીએ છીએ. અપૂર્ણ સમજુતીથી અનેક જાતની અનર્થપરંપરા નિર્માણ થવાનો સંભવ રહે છે. એકાંતિક વિચારસરણી એ અપૂર્ણ જ્ઞાનની નિશાની છે. અનેકાંતદૃષ્ટિ રાખવાથી વસ્તુની પૂરેપૂરી સમજણ પડે છે અને તેના પછી થતી ક્રિયા યોગ્ય માર્ગે થાય છે. આપણે ઉપર જોઇ ગયા કે એકાંત નિયતિવાદને પ્રાધાન્ય આપવાથી કેવો અનવસ્થા પ્રસંગ નિર્માણ થાય છે. એવો અનવસ્થા પ્રસંગ ટાળવા માટે જુદી જુદી બધી દૃષ્ટિથી વસ્તુને ઓળખવા પ્રયત્ન કરવો જોઇએ.

માનવ નિષ્ક્રિય ક્ષણવાર પણ રહી શકતો નથી. વચનથી ક્રિયા કરવાનું મનુષ્ય બંધ કરે તો પણ શરીર પોતાના હીલચાલથી કર્મ કર્યે જ જાય છે. કદાચિત શરીર અને વચનને આપણે ક્ષણવાર નિષ્ક્રિય કરી લઇએ તો મન પોતાનું કાર્ય ચલાવે જ જાય છે. એટલા માટે જ મન, વચન અને કાયા એ ત્રિકરણની શુદ્ધિ કરવાની હોય છે. જીવની પાછળ કર્મનો ધોધ ચાલ્યો જ રહે છે. તેને અટકાવવો અશક્ય નહીં તો મુશ્કેલ તો છે જ.

અનંત જન્મજન્માંતરોથી જીવે જે કર્મનો સમૂહ ભેગો કરેલો છે તે જ્યાં સુધી ઉદયમાં આવ્યો નથી ત્યાં સુધી તે સત્તામાં રહેલો હોય છે. તેને સંચિત કરેલ કે એકાદ ગોડાઉનમાં કોઇ વસ્તુ સંગ્રહ કરેલ હોય તેમ ગુપ્ત રૂપે અંધારામાં રહે છે તેને સત્તામાં રહેલ કર્મ કહે છે. જ્યારે જીવ આવેશમાં આવી કાંઇ વિપરીત કર્મ બાંધે છે, તેવા કર્મો સંગ્રહિત કે સંચિત થઇ રહે છે. અને જે વ્યક્તિ કે વસ્તુ સાથે તેમાં સંઘર્ષ આવ્યો હોય તે વ્યક્તિ સાથે તેવો જ પ્રસંગ ઉપસ્થિત થતાં સુધી તે કર્મ સુપ્ત અવસ્થામાં કાળ પાકવાની રાહ જોતું રહે છે. અને જ્યારે તે ઉદયમાં આવવા માટે પરિસ્થિતિ નિર્માણ થતા પાકી જાય છે ત્યારે તેનો આરંભ અર્થાત્ ભોગવવાનું પ્રારબ્ધ થાય છે. તેને કોઇ પ્રારબ્ધ કર્મ પણ કહે છે. એવું ઉદયમાં આવેલું કર્મ ભોગવ્યા વિના ચાલે તેમ નથી. કોઇ એવું કર્મ આનંદથી પોતાનું ક્રમપ્રાપ્ત કર્તવ્ય ગણી જરા પણ કકળાટ કર્યા વિના ભોગવે છે. અને મનમાં સમાધાન માને છે કે, ચાલો ઠીક થયું. એ ભોગવ્યા પછી આપણા કર્મમાંથી એટલું ઓછું થયું. હવેથી વધારે સાવચેત રહીશું અને એવો પ્રસંગ ફરી ઉપસ્થિત ન થાય તેવો પ્રયત્ન કરશું. કટુ કર્મના દુ:ખો ભોગવવા માટે તે જાણે કર્મને આમંત્રણ આપે છે અને મન શાંત રાખી કર્મો ભોગવે છે ત્યારે તેનું દુ:ખ પણ હળવું લાગે છે. પણ જે માનવ કર્મ ભોગવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે તદ્દન કાયર બની જઇ હાય ઓય કરી બરાડા પાડે છે અને અત્યંત દુ:ખી થઇ રડે છે, તે કર્મો ભોગવી તેટલું દુ:ખ ઓછું કરવાને બદલે આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાઇ નવા કર્મો ઉપસ્થિત કરી પોતાના કર્મોમાં વધારો કરે છે; માટે કર્યા કર્મોનો પરિપાક થએ દીન વદન કરી ભોગવવા કરતાં હસતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોઢે ભોગવવાથી તેનું જોર હળવું બને છે. મહાન્ યોગીઓ અને સંત મહાત્માઓએ પોતાનો સંસાર પૂર્ણ થવાના સમયે જાણે બધા કર્મોને આમંત્રણ આપી પોતપોતાનું ચૂકવી લેવા જાણે આવાહન મોકલ્યું હોય છે. કર્મોનો ભોગ ભોગવતાં તેઓ સમાધાન ભોગવે છે અને એમ કરી કર્મથી મુક્ત થાય છે. ધન્ય છે એવા મહાત્માઓને કે નિયતિવાદીની પેઠે જે કેવળ સ્થગિત થઇ બેસી રહી આસ્રવને મુક્તદ્વાર રાખતા નથી. નિયતિવાદી તો તદ્દન કાયર અને પત્થરની પેઠે નિષ્ક્રિય બની નવાં નવાં કર્મો ઉપસ્થિત કરે છે. એના હાથે કર્મનો નાશ થવાનો સંભવ જ નથી, કારણ કે એને પોતાના પુરુષાર્થ ઉપર ભરોસો જ નથી હોતો.

સત્તામાં રહેલા કર્મોનો ઉદય જ્યારે થાય છે ત્યારે તેનો સારો અથવા ખોટો ઉપયોગ કરી કાંઇક પરાક્રમ કરી કર્મનું બળ ઓછું કરવું એ વસ્તુ માનવના હાથમાં છે, ધારો કે પૂર્વના પુણ્યના સંજોગે કોઇને એકાદ સંત પુરુષનો ઉપદેશ સાંભળવાનો પ્રસંગ આવ્યો હોય કે કોઇ તીર્થની જાત્રાએ જવાનો યોગ આવ્યો હોય ત્યારે જો એ કાંઇ ને કાંઇ નિમિત્તો શોધી તે પ્રસંગ જતો કરે તો એ પોતાને પુરુષાર્થ ફેરવવાનો પ્રસંગ આવ્યો છતાં ગુમાવી બેસે છે. અગર તેથી ઉલટું કોઇને સમુદ્રમાં ડુબવાનો પ્રસંગ આવ્યો હોય છતાં હાથ આવેલ તરવાના સાધનો ફેંકી દઇ યોગ્ય પુરુષાર્થ ફેરવવાના પ્રસંગે નશીબ ઉપર હાથ મેલી બેસી જ રહે અને પુરુષાર્થ ન કરે ત્યારે તે ડુબવાનો જ એ નિશ્ચિત છે. આગામી ભવ માટે નવા નવા શુભ કર્મો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતા કેવળ કપાળે હાથ દઇ બેસી રહેનારની શી ગતિ થવાની છે તે કહેવા માટે કોઇ જ્યોતિષીની જરૂર ન હોય. કાળ કાંઈ આપણા માટે બેસી રહેવાનો નથી, એનો અખંડ પ્રવાહ અપ્રતિહત રીતે ચાલ્યો જ આવે છે. તેનો લાભ લેવો એ આપણા માટે નિયતિએ ઉત્તમ તક આપેલી છે. તેનો વધારેમાં વધારે લાભ મેળવવો એ આપણા હાથમાં છે. એ પુરુષાર્થ ફેરવવામાં આપણને બીજાને આમંત્રણની જરૂર હોતી નથી. આપણે પોતે જ તત્પરતા દાખવવાની જરૂર છે.

જ્ઞાની જનો શ્વાસોચ્છ્વાસ જેટલા ક્ષણવારમાં અનંત જન્માંતરોમાં કરેલાં કર્મો બાળી મૂકે છે. એનો શું અર્થ થાય? એ શી રીતે કર્મોને બાળી નાખતા હશે? એનો વિચાર કરતા એમ સ્પષ્ટ જણાય છે કે, જેમ કોઈ ઘાસના મોટા પર્વત પ્રાય ઢગલામાં એક નાની સરખી અગ્નિની ચિનગારી મૂકે તો તે જોતજોતામાં ભસ્મીભૂત થઇ જાય, તેમ દ્રવ્યના સ્વભાવનું સાચું જ્ઞાન થતાં તેના અસ્તિત્વના અને નાશના જુદા જુદા પ્રયોગોનું જ્ઞાન પોતાની મેળે થઇ જાય છે ત્યારે જ્ઞાનીજનો કર્મરૂપી ઘાસનો નાશ કરવાના જે પ્રયોગો છે તેનો ઉપયોગ કરી કર્મનો નાશ કરી શકે છે. ગમે તેટલી ભૂલો થએલી હોય તો પણ સાચા દિલનો પશ્ચાત્તાપ થયો હોય તો કર્મની તીવ્રતા પોતાની મેળે નષ્ટ થાય છે. અને એ વિચારધારા વધતા છેવટ અનેક કર્મો ઘડીવારમાં ભસ્માવશેષ થઇ જાય છે. વાદળા ગમે તેટલા જામેલા હોય પણ પવનનો એક જ સુસવાટ આવે કે તે બધા વાદળાઓ પલકમાં વેરવિખેર થઇ જાય છે. આમ છતાં કેટલાએક કર્મો એવા હોય છે કે તેનો બંધ પડતી વેળા અત્યંત તીવ્ર ગાંઠ પડી જાય છે, તેમાં ચિકાસ અને કઠિનતા ખૂબ વધારે પ્રમાણમાં હોવાને લીધે એવા કર્મો સ્હેજમાં નષ્ટ કરી શકાતા નથી. તેને નિકાચિત કર્મબંધ કહે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય-વાડીનાં કુસુમો.

## માટીમાંથી માનવ (૨)

( લેખક—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી )

### કુંભકારની શાળામાં—

ભગવંત, આપની મધુરી દેશના સાંભળી, આજે કોઇ અનેરો આનંદ મારા હૃદયમાં ઉભરાઇ રહ્યો છે. મારો અભ્યાસ તો વધુ નથી, તેમ અદ્યાપિ સુધી હું આજીવક મતનો ચુસ્ત ઉપાસક હોઇ મંખલીપુત્ર ગોશાલક સિવાય અન્યને ન તો મેં ગુરુ તરીકે સ્વીકારેલ છે કે ન તો અન્યનો ઉપદેશ સાંભળવા કોઇ પ્રકારનો પ્રયત્ન સેવેલ છે. અકસ્માત પ્રસંગથી જ આજે હું અહીં આવી ચઢ્યો છું. આપની મીઠી વાણીએ મારા અંતરમાં એક ભાવનાને જન્મ આપ્યો છે કે ભલે હું આજીવક મતનો ઉપાસક રહું, છતાં આપ જેવા સંતના પગલાં મારી ભાંડશાળામાં આજે જરૂર કરાવું. મારે ત્યાં જે વસ્તુઓ છે તેથી આપશ્રીનું આતિથ્ય કરું.

પ્રભો ! મારી આ યાચના આપ પાછી ન ઠેલશો. હૃદયના ઊંડાણમાં જે ઊર્મિ ઊગી છે એને વધાવી લેશો.

---

એ કર્મો ભોગવ્યે જ છૂટકો થાય છે. એવા કર્મો ભોગવવા માટે આપણે કમર કસી તૈયાર જ રહેવું જોઇએ.

બાહુબલી અનેક કઠિન તપશ્ચર્યા કરી રહ્યા હતા. કૈવલ્ય હાથવેંતમાં નજીક ઊભું જ હતું. પણ ઉપરથી, નાના ભાઈ ભલેને મોટા જ્ઞાની થએલ હોય, તેમને હું શી રીતે વાંદું ? એવી વિચારધારામાં અહંકારના હાથી ઉપર આરૂઢ થયા હતા, પણ પોતાની જ ભગિનીઓના બોધવચને જાગૃત થતા અહંકાર ક્ષણવારમાં નષ્ટ થઇ ગયો અને કૈવલ્ય એમના આત્મા સાથે ઓતપ્રોત થઇ ગયું. એવી જાતના કર્મો એકાદ ધક્કો લાગતા નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. પણ પ્રભુ મહાવીરના જીવે વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું એવા કર્મો શી રીતે અનાયાસે નષ્ટ થાય એનો જવાબ તો કાનમાં ખીલા ઠોકાવી જ આપવો પડે. આ બધું એકલી નિયતિ ઉપર વિશ્વાસ રાખી નિષ્ક્રિય થઇ જનાર માટે શી રીતે શક્ય બની શકે ? નિયતિવાદી ભવિતવ્યતાને ઇશ્વર માની પુરુષાર્થને દૂર ફેંકી દે છે. એવાઓ માટે કર્મજનિત સંસારભ્રમણ એ જ નિર્માણ થએલું છે.

વિવેકી અને ભવભીરુ માનવે તો કાળ, સ્વભાવ, ઉદ્યમ, કર્મ અને નિયતિ એ પાંચે કારણોના સમુચ્ચયનો વિચાર કરવાનો છે. એકાંતવાદ ભવસમુદ્ર તરવા માટે તદ્દન નિરુપયોગી છે. વસ્તુનું જ્ઞાન તેના અંગો પ્રત્યંગો સાથે સમજવા માટે અનેકાંતનો આશ્રય લેવો પડે છે. સજ્જનો એ વસ્તુનો ખંતપૂર્વક વિચાર કરે એ જ અભ્યર્થના !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની ભગવંત શ્રી મહાવીર દેવે નિમંત્રણનો સ્વીકાર કર્યો અને સમય પ્રાપ્ત થતાં આજીવક મતના ચુસ્ત અનુયાયી એવા સદ્દાલપુત્રની શાળામાં આવી પહોંચ્યા.

સદ્દાલપુત્ર પણ સામે જઇ, વિનયપૂર્વક સ્વામીને તેડી લાવ્યો. પીઠ ફલક આદિ જુદી જુદી વસ્તુઓ સામે ધરી, એ ગ્રહણ કરવા વિનંતી કરી.

ભગવંતે પણ જરૂરી ચીજો સ્વીકારી. સદ્દાલપુત્રને એથી હદ ઉપરાંતનો આનંદ થયો. એના મનમાં ભૂતકાળની ગોશાળકથિત એક વાત યાદ આવી. 'જ્ઞાતપુત્ર વર્ધમાન તો ઘમંડી છે અને પોતાના અનુયાયી સિવાય બીજાને ત્યાં જતાં સરખા નથી.' એવું એક વાર વાર્તાલાપમાં કહ્યું છતાં આજે પોતાની નજરે એ ખોટું ઠરતું નિહાળી, પોતાના ગુરુ મંખલીપુત્રને આમ કેમ વદવું પડયું હશે એનો વિચાર કરતો તે પોતાના આવશ્યક કાર્યમાં રત થયો. માટીના જાતજાતના વાસણો અને એ તૈયાર કરવામાં સંખ્યાબંધ માનવો કામે લાગેલા, ત્યાં માલિક તરીકે એને કંઇ ખાસ જવાબદારીભર્યું કામ કરવાનું તો નહોતું. માત્ર તૈયાર થયેલા પાત્રો લીલા છે કે સુકાઇ ગયા છે કિંવા બરાબર પાકા થયા છે કે નહીં ? એ તપાસવાનું તેમજ કચાશ પડતા ઠામોને તડકામાં ગોઠવવાનું કામ હતું. એમાં ખાસ ચીવટાઇ રાખવાની એને આદત હતી. એથી તો આજે તે આગેવાન વેપારીની ખ્યાતિ પામ્યો હતો. જુદા જુદા પ્રદેશમાં ચાલતી પાંચસો દુકાનોનો માલિક હતો.

જ્યાં એ પોતાની દેખરેખરૂપ ફરજ પૂર્ણ કરી ભગવંતની બેઠક સમિપ આવે છે ત્યાં ભગવંતનો પ્રશ્ન કર્ણે પડ્યો.

સદ્દાલપુત્ર ! આ વાસણો કેવી રીતે બન્યા ?

ભગવન્ ! પ્રથમ માટી લાવી એને પાણીમાં ભીંજવીએ છીએ, પછી એમાં લીદ, ભૂસા વિગેરે ભેળવી એનો પિંડ કરીએ છીએ. એ પિંડને ચાક પર ચઢાવી ઘાટ તૈયાર થતાં ઉતારી બાજુમાં રાખી દઇએ છીએ આમ હાંલ્લા, માટલા, ઘડા વિગેરે બને છે.

હા, સાચી વાત. ભલા એમાં કંઈ પુરુષાર્થ-પરાક્રમ કે મહેનત કરવી પડે છે કે એ વિના જ સર્જાય છે ?

ભગવન્ ! એ સર્વ નિયતિને આધીન છે. બનવાના-હોણહારના કારણે બને છે. પુરુષ-પરાક્રમ જેવું એમાં નથી. મારા ગુરુ કહે છે તેમ સર્વ પદાર્થ નિયતિવશ છે. જે જેવું થવાનું હોય છે તેવું થાય છે. એમાં પુરુષ પ્રયત્નનો કંઇ ગજ વાગતો નથી.

સદ્દાલપુત્ર ! જો વાત એ પ્રમાણે છે તો કોઇ આદમી આ વાસણો ચોરી જાય એમાં તું વાંધો ન જ લે ને ! તને કંઇ જ દુઃખ નહીં લાગે ને ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામી ! એમ તો કેમ થવા દેવાય ? પૂર્વે જણાવ્યું તેમ પરિશ્રમોદ્વારા જે વસ્તુઓ તૈયાર કરાય, એનો એ રીતે નાશ કેમ થવા દેવાય ? મારા આ કારીગરોને પછી મારે ખવડાવવું કયાંથી ? એ રીતે મારી આંખ સામે થવા દઉં તો મારી નબળાઇ જ લેખાય ને ! એવું કરનારને પ્રથમ તો હાકોટો કરું, જરૂર હોય તો મારું પણ ખરો અને હાથમાં આવે તો બાંધી પણ રાખું.

વત્સ ! આ તો વદતો વ્યાઘાત જેવું ! મેં તો વાસણનો દાખલો દીધો. બાકી દુનિયામાં એવા પણ પાપાત્માઓ જોવાય છે જેઓ પારકી સ્ત્રીયો પ્રતિ કુદૃષ્ટિ નાંખવાના વ્યવસાયમાં જ રાચતા હોય છે. એવો એકાદો દુરાચારી તારા ઘરમાં પ્રવેશી તારી પત્ની અગ્નિમિત્રાનું અપમાન કરે, વા કંઇ છેડતી કરવા લાગે તો ભાવિભાવ ગણી તારે તો ચૂપ બેસવું જ ઘટે ને ! મૂકપણે એ નાટક નજર સામે ભજવાય એમાં ત્હારે કંઇ પણ કરવાપણું ન જ હોય ને ?

ભગવંત ! આપ આ શું વદી રહ્યા છો ? જો આવું ચાલવા દેવાય તો એક પળ પણ વ્યવહાર ચાલી શકે નહીં. સૃષ્ટિની વ્યવસ્થા ઉથલાઇ જાય. પછી ધર્મ-નીતિ જેવું કંઇ રહેવા જ ન પામે !

તો પછી, પુરુષાર્થ-પરાક્રમનો જે ઉત્તર તેં શરૂમાં આપ્યો એ વાસ્તવિક છે ખરો ? એ મતનો આશ્રય લેનાર વ્યક્તિના વાસણ વિગેરે નથી તો કોઇ ચોરી જતું કે ફોડી નાંખતું; નથી તો એની સ્ત્રીનું અપમાન થતું; કારણ કે 'એમ થવાનું હતું ' માટે થાય છે એવા નિયતિરૂપ એક કારણને એ વળગ્યો છે. એના મત મુજબ કોઇના કરવાથી કશું થતું જ નથી !

પણ પાછળથી તેં જણાવ્યું તેમ તાડન-તર્જન કે માર-બંધન કરવા જરૂરી હોય, અથવા તો એવા પ્રસંગોમાં ચૂપ બેસવાપણું ન જ હોય તો તારું પ્રથમનું કથન અસત્ય ઠરે છે. એથી તો પુરુષાર્થ-પરાક્રમની ચોકખી સાબિતિ થાય છે અને એકાંત 'નિયતિવાદ'નો આશ્રય પકડવો ભૂલભર્યો છે એમ પુરવાર થાય છે. સદ્દાલપુત્રના મનમાં પ્રભુ સાથેના વાર્તાલાપથી દીવા જેવું સમજાયું કે મંખલીપુત્રનો નિયતિવાદ વહેવારુ નથી. એનો પલ્લો પકડવામાં બુદ્ધિનું દેવાળું જ છે. કારીગરી પર જીવન-નિર્વાહ કરતાં, આ પ્રકારના ભદ્રિક જીવો ઝાઝી આંટીઘુંટી ધરાવતા નથી હોતા. અંતરમાં વાત જમી જતાં જ પોતાની અણસમજ માટે પસ્તાવો કરે છે. તરત જ સત્યનો આશરો લેવા કટિબદ્ધ થાય છે.

સદ્દાલપુત્ર ભગવંત જ્ઞાતપુત્રના ચરણમાં ઢળી પડ્યો. નમ્ર સ્વરે બોલ્યો—

સ્વામી ! અત્યારસુધી તો મેં આજીવકમતના સૂત્રધાર તરીકે અટંકી રહી નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ કેવલ દુર્લક્ષ્ય દાખવ્યું છે ! અરે ! આંગણે આવેલાં એ પવિત્ર સંતોનું આતિથ્ય સરખું પણ કર્યું નથી. વહેવારી તરીકે અતિથિનો એટલો વિનય સાચવવો એ ગૃહસ્થી તરીકેનો ધર્મ હું ચૂકયો છું, તો પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓની વાણી સાંભળવાનો યોગ તો ક્યાંથી સાધ્યો હોય ! મારા કોઈ પૂર્વના પુન્યે આપશ્રીના શિષ્ય ચાલી ચલાવી મારે ત્યાં પધાર્યા. આપના આગમનની વાત કરી. આપે જે સિદ્ધાંત સાદી ભાષામાં સમજાવ્યો તે તેમણે ટૂંકામાં કહી, મારા મંતવ્ય પર ઘા કર્યો. એ વેળા જ મને કંઇ ભૂલ થાય છે એમ લાગેલું તો ખરું જ. એ મહાત્માએ જ મને આપશ્રીના સમવસરણમાં આવવા જણાવેલું. હું આવ્યો ને મારા મન ઉપર જે સુંદર અસર થઇ તે હું અગાઉ વર્ણવી ગયો છું.

ભગવંત, હવે હું સાચો માર્ગ જાણવા ઇચ્છું છું. દરેક કાર્યની નિષ્પત્તિમાં એકલો નિયતિવાદ ટકી શકતો નથી એ હું આપની સાથેના વાર્તાલાપથી સમજી ચૂકયો છું. એ સંબંધમાં હું વધારે સમજવા ઈચ્છું છું. આપ મારા પર અનુગ્રહ કરી એ સમજાવવા કૃપા કરશો.

દેવાનુપ્રિય ! તારી જિજ્ઞાસા યથાર્થ છે. પ્રત્યેક માનવે આ સંસારનું ચક્ર અસ્ખલિત ગતિએ જેના દ્વારા વહી રહ્યું છે એ પાંચ કારણનું સ્વરૂપ અવધારવા જેવું છે, પણ અત્યારે સમય ફાજલ નથી એટલે કાલે સમવસરણની દેશનામાં એ વિષય હું ચર્ચીશ.

ભગવંત ! હું આવતી કાલે જરૂર હાજર રહીશ.

# ઉપકારદર્શન

( રાગઃ—રઘુપતિ રાઘવ રાજારામ )

નવપદ મંગળ મંત્ર નિધાન,
પતિતપાવન યંત્રનું ધ્યાન;
નવપદ ધ્યાન, નવપદ ધ્યાન, ભજ પ્યારે ! તું નવપદ ધ્યાન...નવપદ. (૧)
ક્રોડો ભવના પાપ તોફાન, ક્ષણ ક્ષણ વિણસે ધરતાં ધ્યાન...નવપદ. (૨)
અરિહંત શાસન વિશ્વે પ્રમાણ, સિદ્ધ નિરંજન તારક માન...નવપદ. (૩)
સૂરિ ઉવજ્ઝાય સાધુ સુજાણ, જેહ બને જયવંત સુકાન...નવપદ. (૪)
સમકિત જ્ઞાન ને ચરણનિધાન, તપથી વિઘ્ન હરણ મંડાણ...નવપદ. (૫)
ધર્મ સુગંધી **લબ્ધિ** લહાણ, દિવ્ય લહે **જિતેન્દ્ર** વિજ્ઞાન...નવપદ. (૬)

**મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ**

For Private And Personal Use Only

# પ્રભુ સેવાની પ્રથમ ભૂમિકા

લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

( ગતાંક પૃષ્ઠ ૨૫૯ થી ચાલુ )

આમ સ્પષ્ટ શાસ્ત્રસ્થિતિ છતાં અજ્ઞ ×બાલજીવોની દૃષ્ટિ તો પ્રાયઃ લિંગ–બાહ્ય વેષ પ્રત્યે હોય છે, એટલે તે તો મુગ્ધ હોઇ ભોળવાઇ જઈ વેષમાં જ સાધુપણું કલ્પે છે.

**સાધુ ગુણભૂષિત ભાવસાધુનું માન્યપણું**

પણ પ્રાજ્ઞજન તો આગમતત્ત્વનો વિચાર કરે છે; અર્થાત્ આગમાનુસાર, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, યથાસૂત્ર આચરણરૂપ તાત્ત્વિક સાધુત્વ છે કે કેમ તેની સમીક્ષા કરે છે, અને જેનામાં યથોક્ત આદર્શ નિર્ગ્રંથ શ્રમણપણું દૃશ્ય થાય તેનો જ સાચા સાધુપણે સ્વીકાર કરે છે. આવા જે વિચક્ષણ જનો છે તે તો ભાવવિહીન દ્રવ્યલિંગને* પ્રાયઃ કંઈ પણ વજૂદ આપતા નથી; તેઓ તો મુખ્યપણે ભાવ–આત્મપરિણામ પ્રત્યે જ દૃષ્ટિ કરે છે, ભાવિતાત્મા એવા ભાવલિંગીને જ મહત્ત્વ આપે છે; દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ આદિ આત્મ-ભાવના પ્રગટપણાના અને નિષ્કષાયપણાના અવિસંવાદી માપ ઉપરથી મૂલ્યાંકન કરે છે, સાચા નગદ રૂપીઆને જ સ્વીકારે છે. કારણ કે તે સારી પેઠે જાણે છે કે–ધાતુ ખોટી અને છાપ ખોટી, અથવા ધાતુ ખોટી અને છાપ સાચી, એ બે પ્રકાર કલઇના રૂપીઆ જેવા બનાવટી ( Counterfeit ) મૂલ્યહીન દ્રવ્યલિંગી સાધુઓના છે, તે તો સર્વથા અમાન્ય–અસ્વીકાર્ય છે; અને ધાતુ સાચી પણ છાપ ખોટી, અથવા ધાતુ સાચી અને છાપ પણ સાચી, એ બે પ્રકાર ચાંદીના રૂપીઆ જેવા સાચા મૂલ્યવાન ભાવલિંગી સાધુજનોના છે, અને તે જ સર્વથા માન્ય છે. એટલે દ્રવ્યથી તેમજ ભાવથી જે સાધુ છે, અથવા દ્રવ્યથી નહિં છતાં ભાવથી જે સાધુ છે,–એ બન્ને પ્રકારના **ભાવસાધુને** જ તે માન્ય કરે છે. અમુક પુરુષમાં કેટલો આત્મગુણ પ્રગટ્યો છે? તે યોગમાર્ગે કેટલો આગળ વધ્યો છે? તે કેવી યોગદશામાં વર્તે છે? તેનું ગુણસ્થાન કેવું છે? તેની અંદરની મુંડ ( કષાયમુંડનરૂપ ) મુંડાઇ છે કે નહિ? તેનો આત્મા પરમાર્થે 'સાધુ' 'મુનિ' બન્યો છે કે નહિં? ઇત્યાદિ તે તપાસી જુએ છે. કારણ કે તેના લક્ષણનું તેને બરાબર ભાન છે. તે જાણે છે કે–જે આત્મજ્ઞાની સમદર્શી વીતરાગ પુરુષ હોય, જે પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે સર્વથા ઇચ્છારહિતપણે અપ્રતિબંધ ભાવથી વિચરતા હોય, અને પરમશ્રુત એવા જે પુરુષની વાણી કદી પૂર્વે ન સાંભળી હોય એવી અપૂર્વ હોય, તે જ સાચા સદ્‌ગુરુ છે.

---

× " बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ "–શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક

* " बाह्यं लिङ्गमसारं तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥
बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥ "–શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'**छत्तीस गुणो गुरु मज्झ।**' તે જાણે છે કે–જે આત્મજ્ઞાની આત્માનુભવી હોય, જે નિરંતર આત્મભાવમાં રમણ કરનારા આત્મારામી હોય, જે વસ્તુગતે વસ્તુનું સ્વરૂપ પ્રકાશનારા હોય, જ્ઞાની સત્પુરુષોના સનાતન સંપ્રદાયને અનુસરનારા જે સદા અવંચક હોય, અને જે સમકિતી પુરુષ સારભૂત એવી સંવર ક્રિયાના આચરનારા હોય, તે જ સાચા શ્રમણ છે, તે જ સાચા સાધુ છે, તે જ સાચા મુનિ છે, તે જ સાચા નિર્ગ્રંથ છે, બાકી બીજા તો 'દ્રવ્યલિંગી' વેષધારીઓ છે. આમ તે જાણતા હોઇ, મુખ્યપણે તેવા સાચા ભાવયોગીઓને જ, ભાવાચાર્ય આદિને જ તે માને છે, તેમના આદર-ભક્તિ કરે છે.

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે."...**વાસુપૂજ્ય**

"આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. **શાંતિજિન.**" **શ્રી આનંદઘનજી**

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વવાણી પરમ શ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

"**जं सं मंति पासह, तं मोणंति पासह!**"—**શ્રી આચારાંગસૂત્ર.**

આવા ભાવસાધુને જ મુખ્યપણે લક્ષગત રાખી અત્રે '**પાતક-ઘાતક**' એવો સૂચક શબ્દપ્રયોગ કર્યો છે. 'પાતકઘાતક' કોણ હોઇ શકે? જેણે પોતે પાપનો ઘાત કર્યો હોય તે જ અન્યના પાપનો ઘાતક હોઇ શકે, પણ પોતાના પાપનો ઘાત '**પાતક-ઘાતક**' નથી કર્યો એવો જે શ્રી **ઉત્તરાધ્યયન** અને **દશવૈકાલિક** સૂત્રમાં **સાધુ કેવા હોય?** વર્ણવેલ 'પાપશ્રમણ' હોય તે પાતકઘાતક કેમ હોઇ શકે? એટલે એવા પાપશ્રમણની વાત તો કયાંય દૂર રહી! જેણે પાપનો ઘાત-નાશ કર્યો છે એવા નિષ્પાપ પુણ્યાત્મા સાધુ, કલ્યાણસંપન્ન પુણ્યમૂર્ત્તિ સાચા સંતપુરુષ જ પાતક-ઘાતક હોય. આવા સત્પુરુષદર્શનથી પણ પાવન '**दर्शनादपि पावनाः**' હોય છે, એમના દર્શન કરતાં પણ આત્મા પાવન થઇ જાય એવા તે પરમ પવિત્રાત્મા હોય છે. એમના પવિત્ર આત્મચારિત્રનો કોઇ એવો અદ્ભુત મૂક પ્રભાવ પડે છે કે બીજા જીવોને દેખતાં વેંત જ તેની અજબ જાદૂઇ અસર થાય છે. આવા કલ્યાણમૂર્ત્તિ, દર્શનથી પણ પાવન, નિર્દોષ, નિર્વિકાર, વીતરાગ એવા જ્ઞાની સત્પુરુષ, એમની સહજ દર્શનમાત્રથી પણ પાવનકારિણી ચમત્કારિક પ્રભાવતાથી સાચા મુમુક્ષુ યોગીઓને શીઘ્ર ઓળખાઇ જાય છે. કારણ કે તેવા મૌન મુનિનું દર્શન પણ હજારો વાગાડંબરી વાચસ્પતિઓના લાખો વ્યાખ્યાનો કરતાં અનંતગણો સચોટ બોધ આપે છે. સ્વદેહમાં પણ નિર્મમ એવા આ અવધૂત વીતરાગ મુનિનું સહજ ગુણસ્વરૂપ જ એવું અદ્ભુત હોય છે, જેમકે—

"શાંતિકે સાગર અરૂ, નીતિકે નાગર નેક, દયાકે આગર જ્ઞાન ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખ બાનિ પૂર્ણ પ્યારી, સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો.
રાગદ્વેષસેં રહિત, પરમ પુનિત નિત્ય, ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્ય પાળ, ધર્મ ઢાલ ક્રોધ કાલ, મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો."

—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સૂત્રકૃતાંગનાx દ્વિ. શ્રુ. સ્કં. ના ૭૦ મા સૂત્રમાં નિર્ગ્રંથ મુનિનું આ પ્રકારે પરમ સુંદર હૃદયંગમ વર્ણન કર્યું છે–' તે અણગાર ભગવંતો ઇર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભંડમાત્ર નિક્ષેપણા સમિત, પારિષ્ઠાપનિકા સમિત, મનસમિત, વચનસમિત, કાયસમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેંદ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધ, અમાન, અમાય, અલોભ, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિવૃંત, અનાશ્રવ, અગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કાંસ્યપાત્ર જેવા મુક્તજલ, શંખ જેવા નિરંજન, જીવ જેવા અપ્રતિહતગતિ, ગગનતલ જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબંધ, શારદજલ જેવા શુદ્ધ હૃદય, પુષ્કર પત્ર જેવા નિરુપલેપ, કૂર્મ જેવા ગુપ્તેંદ્રિય, વિહગ જેવા વિપ્રમુક્ત, ગેંડાના શીંગડા જેવા એકજાત, ભારંડપક્ષી જેવા અપ્રમત્ત, કુંજર જેવા શૌંડીર, વૃષભ જેવા સ્થિર, સિંહ જેવા દુર્ધર્ષ, મંદર જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્યાવંત, સૂર્ય જેવા દિપ્તતેજ, જાત્ય સુવર્ણ જેવા જાતરૂપ, વસુંધરા જેવા સર્વસ્પર્શવિષહ, સુહુત હુતાશન જેવા તેજથી જ્વલંત હોય છે. તે ભગવંતોને ક્યાંય પણ પ્રતિબંધ હોતો નથી.'

આવા ગુણનિધાન પાતક–ઘાતક સાધુપુરુષનો 'પરિચય' એટલે શું? પરિચય એટલે સમાગમ, સત્સંગ, સંસર્ગ, ઓળખાણ, સ્વરૂપપિછાન, તથાદર્શન, એવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, વીતરાગ જ્ઞાની સત્પુરુષને–સાધુ સંતજનને તેના યથાર્થ ગુણસ્વરૂપે ઓળખવા, તેમનું જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે સ્વરૂપે તેમનું 'તથાદર્શન' કરવું, સત્પુરુષનું સત્પુરુષ સ્વરૂપે જેમ છે તેમ યથાસ્થિત દર્શન કરવું, તે જ વાસ્તવિક પરિચય અથવા ઓળખાણ છે. આ સત્પુરુષ 'સત્' છે, પ્રત્યક્ષ સત્સ્વરૂપને પ્રાપ્ત થયેલા સાચા સદ્ગુરુ છે. શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા આ સાધુચરિત સાચા ભાવસાધુ છે; શુદ્ધ સુવર્ણ જેવા શુદ્ધ, પરમ અમૃત જેવા મધુર અને શુદ્ધ સ્ફટિક જેવા નિર્મલ પરમ પવિત્ર પુરુષ છે. સર્વ પરભાવવિભાવનો સંન્યાસ–ત્યાગ કરનારા આત્મારામી એવા આ સાચા 'સંન્યાસી'–ધર્મસંન્યાસ યોગી છે; બાહ્યાભ્યંતર ગ્રંથથી–પરિગ્રહથી રહિત એવા સાચા નિર્ગ્રંથ–ભાવશ્રમણ* છે; પરભાવ પ્રત્યે મૌન એવા આત્મજ્ઞાની વીતરાગ જ્ઞાની 'મુનિ' છે; સહજ આત્મસ્વરૂપ પદનો જેને સાક્ષાત્ યોગ થયો છે એવા યથાર્થ ભાવયોગી છે. સ્વરૂપવિશ્રાંત એવા આ શાંતમૂર્તિ 'સંત' છે. એમના 'સત્' નામ પ્રમાણે 'સત્'–સાચા છે; આત્માના પ્રત્યક્ષ પ્રગટ સત્સ્વરૂપથી યુક્ત એવા 'સત્' છે–ઇત્યાદિ પ્રકારે સત્પુરુષની સત્પુરુષ સ્વરૂપે પીછાન થવી તે 'પરિચય' છે.

**પરિચય એટલે શું?**

આવો પરિચય કાંઇ એકદમ થઇ જતો નથી, પણ જેમ જેમ સંતસમાગમ–સત્સંગના બળથી સદ્બોધનો પ્રસંગ વધતો જાય છે, તેમ તેમ સંતસ્વરૂપની પીછાન વધતી જાય છે;

x "से जहा णामए अणगारा भगवंतो इरियासमिया भासासमिया!" ઇ.

* "सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगतरागो।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति॥"
—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત શ્રી પ્રવચનસાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જેમ જેમ સદ્બોધવૃદ્ધિથી સંતસ્વરૂપની પીછાન થતી જાય છે, તેમ તેમ જીવના પાતકની ઘાત થઇ આત્મગુણવિકાસરૂપ 'ધર્મલાભ'ની પ્રાપ્તિ વધતી જાય છે. આવા ગાઢ પરિચયરૂપ સત્સંગ પ્રસંગની વાત તો દૂર રહો!

**સત્સંગનો અનન્ય મહિમા**

પણ સાચા સંતપુરુષની સન્નિધિ પણ પાપનાશિની હોય છે;–'**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि।**' પદ્મસરનો સરસ વાયુ પણ પ્રસન્નતા અર્પે છે, તેની જેમ. શ્રી **શંકરાચાર્ય** કહે છે કે–'**क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका।**' એક ક્ષણ પણ સજ્જનની સંગતિ ભવાર્ણવ તરવામાં નૌકા બની જાય છે. આ સત્સંગનો મહિમા જ્ઞાનીઓએ અત્યંત ગાયો છે. શ્રી **યશોવિજયજી** કહે છે કે 'સજ્જન' શબ્દના અક્ષર તો થોડા છે, અને ગુણ ઘણા છે તે લખ્યા લખાય એમ નથી, પણ ગુણાનુરાગરૂપ **પ્રેમથી** મનમાં પરખાય છે.

"અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે."—**શ્રી યશોવિજયજી.**

"ઉપાસના જિન ચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત"—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

આ 'મુનિજન સંગતિ રતિ અતિ' રૂપ સત્સંગની મુક્તકંઠે પ્રશંસા કરતાં **શ્રીમદ્ રાજચંદ્રજી** વદે છે કે:—

"સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે. સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે, અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની પુરુષોએ જાણ્યું છે. જે પુરુષ સદ્ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિરધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ ગણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે." (જુઓ) **શ્રીમદ્ રાજચંદ્ર,** પત્રાંક ૧૮૧-૪૨૮-૫૧૮ ઇ.

(અપૂર્ણ)

---

When wealth is lost nothing is lost; when health is lost, something is lost; when character is lost, all is lost.

—GERMAN MOTTO.

ધન-સંપત્તિ જાય તેમાં કાંઇ જતું નથી, તંદુરસ્તી બગડે ત્યારે થોડુંક જાય છે; પણ સદ્વર્તન-સદાચાર જાય ત્યારે સર્વસ્વ જાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

[ સં. ૨૦૦૬ : : પુ. ૬૬ મું ]

કાર્તિકથી આસો સુધીની

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી જિનેશ્વર સ્તુતિ | ( શ્રી ગુલાબચંદ જલ્લુભાઇ ) | ૧ |
| ૨ | શ્રી જૈન ધર્મ પ્રકાશ ચિરાયુ થાઓ ! | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૨ |
| ૩ | શ્રી જૈન ધર્મ પ્રકાશની સેવા અને શુભેચ્છા | ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) | ૩ |
| ૪ | શ્રી ગૌતમસ્વામીનો વિલાપ | ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી ) | ૪ |
| ૫ | ભક્તિ-ગીત | (આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ) | ૧૮ |
| ૬ | श्रीदेवगुर्वष्टकम् । | (આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ) | ૩૦ |
| ૭ | षोडशदलारूढगुरुवंदनांभोज | ( મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ ) | ૩૭ |
| ૮ | સોળ પાંખડીવાળું શ્રી વિજયનેમિસૂરિ ચરણપંકજવંદન સ્તોત્ર | ( શ્રી વેલજીભાઇ " અચ્છાબાંબા " ) | ૩૮ |
| ૯ | શ્રીમદ્ વિજયનેમિસૂરિ-સ્તુતિ | ( શ્રી ઝવેરચંદ છગનલાલ-મીયાગામ ) | ૫૦ |
| ૧૦ | ધન્ય જીવન | ( શ્રી વેલજીભાઈ " અચ્છાબાબા " ) | ૫૩ |
| ૧૧ | શ્રી વિજયનેમિસૂરિને ભાવભરી અંજલિ | ( ગણેશભાઇ પી. પરમાર ) | ૫૪ |
| ૧૨ | શ્રી વિજયનેમિસૂરિજીને વસમી વિદાય | ( શ્રી કુંદનલાલ કાનજીભાઈ શાહ ) | ૬૦ |
| ૧૩ | શાસનના શણગાર | ( કડવી બહેન છોટાલાલ M. A. ) | ૬૩ |
| ૧૪ | સ્વ. આ. શ્રી વિજયનેમિસૂરિજીની ગહુંલી | (સાધ્વીશ્રી કાંતાશ્રીજી) ટા. પે. ૩ | (પોસ-મહા) |
| ૧૫ | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ ) | ૧૨૧ |
| ૧૬ | શ્રી મહાવીર જન્મોત્સવ | ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૨૨ |
| ૧૭ | શ્રી વીર ગીતાદ્વાત્રિંશિકા | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧૨૩ |
| ૧૮ | वीरप्रार्थना | ( રાજમલ ભંડારી ) | ૧૨૫ |
| ૧૯ | વીતરાગ ! જય પામ ! | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧૪૫ |
| ૨૦ | शुभ कार्य । | ( રાજમલ ભંડારી ) | ૧૪૬ |
| ૨૧ | ચંદ્રપ્રભુ સ્વામીનું સ્તવન | ( આ. શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ ) | ૧૬૯ |
| ૨૨ | જગતની વિષમતા | (શ્રી બાલચંદ હીરાચંદ-"સાહિત્યચંદ્ર") | ૧૭૦ |
| ૨૩ | શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનું પુણ્ય-સ્મરણ | (શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) | ૧૯૩ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




• ૨૪ कालाय तस्मै नमः । ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૯૫
૨૫ સમજ સમજ ફૂટ જાયેગી ( શ્રી વેલજીભાઇ "અચ્છાબાબા" ) ૨૧૧
૨૬ પ્રેમભક્તિપુષ્પાંજલિ ( શ્રી મણિલાલ મોહનલાલ "પાદરાકર" ) ૨૧૮
૨૭ श्रद्धेय कुंवरजी को हृदय-श्रद्धांजलि ( રાજમલ ભંડારી ) ૨૩૬
૨૮ સંવત્સરીનું સ્વાગત ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર" ) ૨૩૭
૨૯ ક્ષમાપના (મુનિરાજશ્રી જિતેંદ્રવિજયજી મહારાજ) ૨૩૭
૩૦ ખામણાની સજ્ઝાય ( ભોજક મોહનલાલ ગિરધર ) ૨૩૮
૩૧ શ્રી ઋષભજિન સ્તવન ( મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ ) ૨૪૯
૩૨ मत-वाला ( રાજમલ ભંડારી ) ૨૫૦
૩૩ ક્ષણભંગુરતા ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૫૧
૩૪ क्षमा लेना क्षमा देना ( રાજમલ ભંડારી ) ૨૫૪
૩૫ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ( મુનિશ્રી જંબુવિજયજી મહારાજ ) ૨૭૨
૩૬ શ્રી અજિતજિન સ્તવન ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) ૨૭૩
૩૭ मन से अपने मान तुं । ( રાજમલ ભંડારી ) ૨૭૪
૩૮ नमस्कार महामंत्र ( ,, ) ૨૭૪
૩૯ ધન્ય ગિરિરાજ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૭૫
૪૦ ઉપકાર દર્શન ( મુનિશ્રી જિતેન્દ્રવિજયજી ) ૨૮૮


## ૨. ગદ્ય વિભાગ.


૧ નૂતન વર્ષ ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૫
• ૨ પાંચમા પુરુષાર્થની પ્રધાનતા (મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મહારાજ ) ૧૧
૩ પુનર્જન્મની ઉપયોગિતા ( ઉદ્ધૃત ) ૧૩
૪ મંગલમયી દીપોત્સવી ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ") ૧૫
૫ સાહિત્ય વાડીનાં કુસુમો : : વૈશાલીનો શેઠ ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૯
,, ,, ઉકરડાનું ગુલાબ ,, ,, ૧૫૩, ૧૮૯
,, ,, માટીમાંથી માનવ ,, ,, ૨૪૧, ૨૮૫
• ૬ "કતક" નું ચૂર્ણ ને જળની શુદ્ધિ (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) ૨૪
૭ વ્યવહાર કૌશલ્ય ૨ [ ૨૮૯-૨૯૦ ] ( મૌક્તિક ) ૨૭
,, ૧ [ ૨૯૧ ] ,, ૧૮૫
,, ૨ [ ૨૯૨-૨૯૩ ] ,, ૨૧૨
,, ૪ [ ૨૯૪-૨૯૭ ] ,, ૨૬૮
૮ આ. મહારાજ શ્રી વિજયનેમિસૂરિજીના વિશિષ્ટ જીવન-પ્રસંગો ૩૨
૯ સ્નેહાઞ્જલિ ( આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ ) ૩૫
૧૦ મૃત્યુંજય મહામાનવ (મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મહારાજ) ૩૯
૧૧ પૂ. પા. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૪૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૨ શાસનસમ્રાટ્ (મુનિરાજશ્રી દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી તથા ન્યાયવિજયજી (ત્રિપુટી) મહારાજ) ૪૬
૧૩ શ્રી વિજયનેમિસૂરિનાં સંસ્મરણો (મૌક્તિક) ૫૧
૧૪ શાસનસમ્રાટ્‌ની જીવનસૌરભ (મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ) ૫૫
૧૫ એક પ્રતિભાવંત વિભૂતિ (શ્રી સૌભાગ્યચંદ જીવણલાલ દોશી) ૬૧
૧૬ સન્માન-સમારંભ (શ્રી મો.ગિ.કાપડિયા) (પ્રસારક-સભા) ૬૬
૧૭ સન્માન-પત્ર ( ,, ,, ) (પ્રસારક-સભા) ૬૮
૧૮ સમાજ વ્યવસ્થાને નિર્મૂળ ન કરો (શ્રી નટવરલાલ માણેકલાલ સુરતી) ૭૦
• ૧૯ જૈન ધર્મ સ્વતંત્ર ને પ્રાચીન ધર્મ છે. (પ્રો. પ્રતાપરાય મોહનલાલ માદી) ૭૫
૨૦ સત્કાર-સમારંભ (શ્રી મો.ગિ. કાપડિયા) (શ્રી ભાવનગર જૈન સંઘ) ૮૨
૨૧ સન્માન-પત્ર ( ,, ,, ) ,, ૮૩
૨૨ સમાજનાં ઉત્કર્ષમાં જ્ઞાતિ-ઉત્કર્ષ (શ્રી હરિસિદ્ધભાઇ દિવેટીઆ) ૮૫
૨૩ શ્રી મોતીચંદભાઇનો પ્રત્યુત્તર ૮૮
૨૪ સ્વ. શ્રી કુંવરજી આણંદજી ૯૦
• ૨૫ પ્રશ્નોત્તર (પ્રશ્નકાર-ઉત્તમચંદ ભીખાચંદ-પુના કેમ્પ) (સ્વ. શ્રી કુંવરજીભાઇ) ૯૧
૨૬ સમયને પીછાની કર્તવ્યમાં રત બનો! (શેઠ કસ્તુરભાઇ લાલભાઇ) ૯૩
૨૭ ઐક્ય એ જ આપણું અમોઘ સાધન છે (રા. બ. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ) ૯૫
૨૮ આપણા ઉત્કર્ષનો વિચાર કરીએ! (શેઠ મૂલચંદજી સજમલજી) ૧૦૭
૨૯ કૉ૦ના સત્તરમા અધિવેશનના આદેશો ૧૧૨
• ૩૦ જ્ઞાનપ્રામાણ્યવાદ (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૧૬, ૧૪૭, ૧૭૧
• ૩૧ નમસ્કાર મહામંત્ર (મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ) ૧૨૬
• ૩૨ સ્યાદ્વાદરહસ્ય (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૩૧
૩૩ ગુણશીલ ચૈત્યમાં મહાવીર પ્રભુ (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૪
• ૩૪ નામોની અવિચ્છિન્ન પુનરાવૃત્તિઓ (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A) ૧૩૭
• ૩૫ તત્ત્વજ્ઞાનની આવશ્યકતા (મૃદુલા છોટાલાલ કોઠારી) ૧૩૮
• ૩૬ પ્રભુ મહાવીરનું ચિત્રમય જીવનચરિત્ર (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૪૦
• ૩૭ શ્રી વીરજન્મ કલ્યાણકની ઉજવણીનો એક પ્રકાર (મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મ.) ૧૫૧
• ૩૮ જૈન કાવ્ય-સાહિત્ય (મૃદુલા છોટાલાલ કોઠારી) ૧૫૭
• ૩૯ સ્વોપજ્ઞ સંસ્કૃતવૃત્તિથી વિભૂષિત પાઇય કૃતિઓ (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.) ૧૫૯
૪૦ પ્રભુ સેવાની પ્રથમ ભૂમિકા (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૬૨, ૨૫૫, ૨૮૯
• ૪૧ અક્ષય તૃતીયા-માહાત્મ્ય (મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ (ત્રિપુટી) ૧૬૫
• ૪૨ કર્મપ્રકૃતિ (આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૭૬
૪૩ ભક્તિની દીપ્તિ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૮૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪૪ જીવસમાસનો રચનાસમય ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૧૮૬
૪૫ અક્ષર–અનક્ષરમીમાંસા ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૯૬
૪૬ ગણધરવાદની પાર્શ્વભૂમિ ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૦૧
૪૭ કર્મ વિષયક ગ્રંથોનું નામ–સામ્ય ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૨૦૪
૪૮ એકાન્તનો મહિમા ( અનુ૦ અભ્યાસી B. A. ) ૨૦૮
૪૯ ગધેડો અને તેની મિથ્યા આશા ( શ્રી વેલજીભાઈ " અચ્છાબાબા " ) ૨૧૦
૫૦ આરસ પ્રતિમાનો અનાવરણ ઉત્સવ ( ,, ) ૨૧૯
૫૧ આદર્શ શ્રાવક : : શ્રી કુંવરજીભાઇ ( રા. બ. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ ) ૨૨૫
૫૨ સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇ શ્રદ્ધાંજલિ ( સંદેશાઓ ) ૨૨૯
૫૩ પ્રભુ શ્રી મહાવીરસ્વામી અને દેવો ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મહારાજ ) ૨૩૩
૫૪ જ્ઞાતનંદનની જ્ઞાન–ઉપાસના ( મૃદુલા છોટાલાલ કોઠારી ) ૨૩૯
૫૫ ધર્મ પ્રભાવના ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૪૫
૫૬ શાંતતાવાદી જગત ( ,, ) ૨૫૨
૫૭ શું એ હાર ટોડલો ગળી ગયો ? ૫ ( શ્રી મગનલાલ મોતીચંદ શાહ ) ૨૫૯
૫૮ નટચરણ અને નૃત્ય(ત્ત)ગતિ ( પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા M. A.) ૨૬૩
૫૯ એમાં કોનો વાંક ? ( અનુ. અભ્યાસી B. A. ) ૨૬૫
૬૦ સ્વતંત્ર ભારતમાં જૈન ધર્મને સ્થાન ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૭૬
૬૧ આપણા પર્વોનું રહસ્ય ( મુનિશ્રી ન્યાયવિજયજી-ત્રિપુટી ) ૨૭૯
૬૨ નિયતિવાદ ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૨૮૨


## ૩ પ્રકીર્ણ.


૧ ભાવનગરના મહારાજા અને મદ્રાસના ગવર્નર શ્રી કૃષ્ણકુમારસિંહજી કે. સી. એસ. આઇ.નો સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજીના સ્વર્ગવાસ માટે સંદેશો. ૩૧
૨ સ્વ. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીના ભક્તિપ્રસંગો ૩૩
૩ શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણીનો સંદેશો ૩૪
૪ નગરશેઠ હરિલાલ મોનદાસનો સંદેશો ૩૬
૫ નિવાપાંજલિ ૬૪
૬ ના. મહારાજા જિનમંદિરની મુલાકાતે ટા. પે. ૪ ( માગશર )
૭ " પ્રકાશ " સંબંધી ૧૨૦
૮ આગમોદ્ધારકની સ્વર્ગવાસ નોંધ ટા. પે. ૩ ( જયેષ્ઠ )
૯ સ્વ. શ્રી કાંતિલાલ પ્રતાપશીભાઇ ૨૧૪
૧૦ સ્વીકાર અને સમાલોચના ૨૧૫
૧૧ સભા–સમાચાર ૨૪૮


પેટા–વિષય ગણતાં કુલ લેખ ૧૨૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોરટેજ જુદું. લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## આગમોનું દિગ્દર્શન

લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણ અજાણ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

## દાનધર્મ પંચાચાર

લેખક—શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાં આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇનાં આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય માત્ર રૂા. એક.

### પાઠશાળા ઉપયોગી પુસ્તકો મંગાવો.

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | ૧-૪-૦ | ગુણસાર | ( કથા ) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | ૦-૬-૦ | જયવિજય | ( ,, ) | ૦-૮-૦ |
| શ્રી અર્હત-પ્રાર્થના ( સ્તુતિ ) | ૦-૪-૦ | હરિબલ | ( ,, ) | ૦-૮-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ | વિક્રમાદિત્ય | ( ,, ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ ( કથા ) | ૦-૪-૦ | અક્ષયતૃતીયા | ( ,, ) | ૦-૧૨-૦ |
| નયવાદ | ૦-૪-૦ | વિચારસૌરભ | | ૦-૩-૦ |
| જ્ઞાનપંચમી માહાત્મ્ય ( વરદત્ત ગુણમંજરી ) | | | ( ,, ) | ૦-૮-૦ |

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યા છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

---

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે સત્વર લખી જણાવો.

## શ્રી આનંદઘનજી—ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

---

## નયપ્રદીપ—નયચક્રસંક્ષેપ

અનુવાદક અને વિવેચક-સ્વ૦ શ્રી મનઃસુખભાઈ કિરતચંદ મહેતા

આ પુસ્તકમાં નય જેવા કઠિન વિષયને સરલ અને સુગમ બનાવી સારો પ્રકાશ પાડયો છે. સપ્તભંગી તથા નયનું સ્વરૂપ દર્શાવી છેવટના પ્રકરણમાં નયના સાતસો વિષય ભેદો બતાવ્યા છે. નયચક્રસંક્ષેપ એ નિબંધરૂપ છે. જેમાં નયના વિષયને પુષ્ટ કરવામાં આવ્યો છે. એકંદરે નય ને ન્યાયના અભ્યાસીને માટે આ પુસ્તક ઉપયોગી છે. દોઢસો ઉપરાંત પૃષ્ઠ અને પાકું બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. એક

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## તાત્ત્વિક—લેખસંગ્રહ

( પચીશ લેખોનો સંગ્રહ )

( લેખકઃ આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ )

ઉક્ત આચાર્ય મહારાજશ્રીની વૈરાગ્યવાહિની તેમજ અધ્યાત્મને સ્પર્શતી લેખિનીથી આજે કોણ અજાણ છે ? રફતે રફતે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં આવેલા તેમ જ બોધપ્રદ અને સરલ રીતે સમજી શકાય તેવા પચ્ચીશ લેખોનો આ સંગ્રહ ટૂંક સમયમાં જ બહાર પડશે. ક્રાઉન સોળ પેજી અઢી સો પાનાના આ ગ્રંથની કિંમત માત્ર રૂા. બે. સભાના સભાસદોને ખાસ લાભ તરીકે તે એક રૂપિયામાં આપવામાં આવશે. પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only